
| ૬ | # તમનેય ચંદ્રક મળે |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :

ધમ્માચકડી ધમ્માચકડી ધમ્માચકડી મારું નામ
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ
સીધા રસ્તે વાંકાંચૂકાં, પગલાં માંડું લાંબાંટૂંકાં
પાન વીણું ભીનાંસૂકાં, ભેગાં કરું ડાળીઠૂંઠાં
પૂછો નહીં એ બધાંનું શું છે હવે મારે કામ
ધમ્માચકડી ધમ્માચકડી ધમ્માચકડી મારું નામ...

- નીતા રામૈયા

## ચિત્ર ધ્યાનથી જુઓ.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

(૧) ચિત્ર ધ્યાનથી જુઓ, તેમાં દેખાય છે તે વિશે એક વાક્ય કહો.

શિક્ષકે બધાં બાળકો પાસે એક-એક વાક્ય બોલાવી આખા ચિત્રનું વર્ણન કરાવવું.

(૨) ધારો કે તમે આવા ઠિંગુજીના દેશમાં જાઓ તો તમને કઈ મુશ્કેલી પડે?

(૩) કોઈ ઊંચા-મોટા માણસોના દેશમાં તમે જાઓ તો શું કરો?

(૪) કોઈ ઠિંગુજી ક્લાસમાં આવી જાય તો તમે શું કરો?

## વાર્તા : નાની ગુલાબ, સાહસ મોટું!

એક નાની છોકરી. છઠ્ઠા ધોરણમાં ભણે. ગુલાબ એનું નામ. ગામને છેડે ખેતરમાં તેનું ઘર. તેનાં મમ્મી-પપ્પા ખેતી કરે. તેમના ખેતરની પાસેના ખેતરમાં કુસુમનો પરિવાર રહે. કુસુમ અને ગુલાબ એકસાથે નિશાળે જાય.

એક દિવસની વાત છે. લગભગ સાડા દસે ગુલાબ અને કુસુમ નિશાળે પહોંચ્યા. તે દિવસે સમાચાર વાંચનનો વારો કુસુમનો હતો. તેણે પેન લેવા દફતરમાં હાથ નાખ્યો એવો તરત જ ઝાટકા સાથે હાથ પાછો ખેંચી લીધો. ગુલાબે પૂછ્યું, ''શું થયું ?''



કુસુમે કહ્યું, ''કશુંક કરડ્યું લાગે છે.''

ગુલાબે ઝડપથી દફતર બંધ કરી દીધું, એણે ધ્યાનથી કુસુમનો હાથ જોયો. કુસુમની આંગળીમાંથી લોહી નીકળતું હતું. પણ આંગળી પર કોઈ કાપો કે ચીરો ન હતો. કુસુમની આંગળી પર બે ટપકાં હતાં. ગુલાબ સમજી ગઈ કે શું બન્યું છે! તેણે તરત જ પોતાનો દુપટ્ટો લઈ કુસુમના લોહી નીકળતા કાંડા પર બાંધી દીધો.

ગુલાબે દુપટ્ટાને બાંધ્યો એટલે કુસુમે કહ્યું, ''ઓય મા! શું કામ બાંધે છે? આ લોહી તો હમણાં બંધ થઈ જશે.''

ગુલાબે કુસુમને કહ્યું, ''તું હમણાં શાંત બેસી રહે. હલનચલન ના કરીશ. હું આવું છું.'' તેણે કુસુમના દફતરને બરાબર બંધ છે તેમ તપાસીને એક બાજુ મૂકી દીધું. તે સમયે વર્ગમાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજાં બાળકો પણ આવી ગયેલાં. ગુલાબે મયૂર અને સોનલને દોડાવ્યાં કે તેઓ ફટાફટ શિક્ષકને બોલાવી લાવે. શિક્ષક આવતાં ગુલાબે તેમને ખાનગીમાં કહ્યું, ‘‘બહેન, કુસુમને સાપ કરડ્યો હોય એમ લાગે છે. પેલા દફતરમાં સાપ હોય એમ પણ લાગે છે.’’

શિક્ષકે બીજા શિક્ષકને બોલાવ્યા. તેઓ ગુલાબને તેમજ તેના દફતરને લઈને સરકારી દવાખાને પહોંચ્યા. કુસુમને પણ તેમણે સાથે રાખી. ડૉક્ટરે ગુલાબને તપાસી. તેમણે શિક્ષકને પૂછ્યું, ‘‘એ સાપ કોઈએ જોયો હતો? તે ઝેરી હતો કે બિનઝેરી?’’ શિક્ષકોએ કહ્યું, ‘‘કદાચ આ દફતરમાં જ છે સાપ.’’ એક તરફ ડૉક્ટરે ગુલાબની સારવાર શરૂ કરી દીધી અને બીજી તરફ તેમણે સાપના જાણકારને તેડાવ્યા. ડૉક્ટરે કુસુમને પૂછ્યું, ‘‘આ દુપટ્ટો કોણે બાંધ્યો?’’

કુસમે કહ્યું, ‘‘મારી બહેનપણી ગુલાબે.’’

ડૉક્ટરે કહ્યું, ‘‘તારી બહેનપણી તો ભારે હોશિયાર!’’

સાપના જાણકારે દફતરમાંથી સાપ કાઢ્યો. તે ઝેરી હતો. ડૉક્ટરે કુસુમને ઝેર વિરોધી દવાનું ઈંજેક્શન આપ્યું. ગુલાબની સમયસૂચકતાને કારણે કુસુમનો જીવ બચ્યો. વળી, દફતર બંધ કરીને બીજાં બાળકોને પણ સાપથી બચાવ્યા.

બીજે દિવસે પ્રાર્થના સંમેલનમાં આચાર્યશ્રીએ ગુલાબની વાત કરતાં કહ્યું, ‘‘દફતરમાં સાપ છે તેમ ખબર હોવા છતાં ગુલાબ ડરી નહિ. ગભરાઈ નહિ. તેણે દફતર બંધ કરી એક તરફ મૂકી દીધું. કુસુમના હાથે પાટો બાંધ્યો જેથી લોહીમાં ઝેર ભળે નહિ. ગુલાબે સમજદારીનું કામ કર્યું.’’ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તાળીઓના ગડગડાટથી ગુલાબને શાબાશી આપી.

ગુલાબના આ સાહસની વાત તે દિવસે વર્તમાનપત્રમાં પણ છપાઈ.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

(૧) ‘કુસુમે તરત જ ઝટકાથી હાથ બહાર ખેંચી લીધો. તેની આંગળીમાંથી લોહી નીકળતું હતું.’ એ વાંચી તમને શું થયું?

(૨) તમને ગુલાબને ‘શાબાશ’ કહેવાનું મન ક્યારે થયું?

(૩) તમે કોની સાથે શાળામાં આવો છો? જાતે કે મમ્મીએ કહ્યું હોય તેની સાથે? શા માટે?

(૪) જેમાં શરીરને નુકસાન થાય તેવું જોખમ હોય, એવું સાહસનું કામ કોઈએ કર્યું હોય તેવા પ્રસંગો યાદ કરીને કહો.


(૫) ગુલાબ તમારી શાળામાં આવે તો તમે તેને કેવા પ્રશ્નો પૂછશો?


(૬) તમે ગુલાબને ઇનામમાં શું આપો?

- **ચાલો, ગાઈએ ગીતડું :** ધમ્માચકડી

## ઓળખો :

**ઝેરી સાપ**





**બિનઝેરી સાપ**



## સાંભળો અને સમજો :

વિદ્યાર્થીઓને સાપ કે અન્ય ઝેરી જીવજંતુ કરડે ત્યારે શું કરવું તે વાંચી સંભળાવો અને સમજાવો. વર્ગખંડમાં તેની ઘટનાની મોક ડ્રીલ કરાવો.

સાપ કે તેવાં બીજાં ઝેરી જીવ-જંતુ કરડે ત્યારે આટલું યાદ રાખો :

- તમને કે બીજાને સાપ કે અન્ય જીવ-જંતુ કરડે ત્યારે ડરીને રડારોળ કે બૂમાબૂમ કરવા નહીં. હિંમતથી કામ લેવું, ૧૦૮ બોલાવો.
- જેને સાપ/જીવ-જંતુ કરડ્યું હોય તેને પ્રાથમિક ઉપચાર આપો.
- ડંખની જગ્યાએ ઘરેણાં કે બૂટ પહેર્યાં હોય તે કાઢી નાખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ડંખ પર પાટો બાંધી દો. (પાટો કચકચાવીને ન બાંધવો.)
- ઘાવ સાથે કોઈ પણ છેડછાડ કર્યા વગર દર્દીને દવાખાને પહોંચાડો.
- દર્દીને ત્યાં સુધી કોઈ પણ દવા ન આપવી.
- દર્દીને જરા પણ હલનચલન ન કરવા દેવું.

**સાચું/ખોટું :**

(૧) મમ્મીએ ગુલાબને એકલા નિશાળે જવા કહ્યું. ☐

(૨) કુસુમને ખબર હતી કે તેને સાપ કરડ્યો છે. ☐

(૩) ગુલાબને કંઈક ખબર હતી એટલે એણે દફતરનું મોં બંધ કરી દીધું. ☐

(૪) કુસુમ દવાખાને પહોંચી કે તરત ડૉક્ટરે તેની સારવાર શરૂ કરી દીધી. ☐

(૫) કુસુમના દફતરમાં સાપ શાળામાંથી ભરાયો હતો. ☐

(૬) ડૉક્ટરે કુસુમને જણાવ્યું કે એને સાપ કરડ્યો હશે. ☐

(૭) ગુલાબે કુસુમને સાપ કરડ્યો છે એની સાબિતી આપવા દફતરનું મોં બંધ કર્યું. ☐

(૮) ગુલાબે ડર્યા વગર સમયસર પાટો બાંધીને કુસુમને બચાવી લીધી. ☐

(૯) સાહેબ ડૉક્ટરને બતાવવા સાપને સાથે લઈ ગયા હતા. ☐

(૧૦) બીજાને બચાવતાં બચાવતાં મૃત્યુ પામેલાં બાળકોને રાષ્ટ્રપતિ "બાલવીર ઍવોર્ડ" આપે છે. ☐

**નીચેનામાંથી કોણે સાહસ કર્યું કહેવાશે ? ચર્ચા કરો :**

(૧) પાણીના ટાંકામાં પડેલા બાળકને બહાર કાઢવું.

(૨) કૂવામાં પડી જતાં ઝાડની ડાળી પકડીને બચી જવું.

(૩) અંધ માણસને રસ્તાની સામી બાજુ લઈ જવા.

(૪) નાળિયેરી પર ચડીને લૂમ લાવવી.

(૫) રસ્તામાં ગળામાંથી ચેઈન તોડી જનારા બાઈક સવારને ધક્કો મારી પાડી નાખી પકડાવી દેવો.

(૬) ઘરમાં ઘૂસેલા મારકણા બળદને દોરડાથી થાંભલે બાંધવો.

(૭) તળાવમાં તરતી કાગળની હોડીને ડૂબતી બચાવી લેવી.

(૮) વીજળીનો કરંટ લાગેલા છોકરાને લાકડીની મદદથી છૂટો પાડી બચાવવો.

- **ચાલો, ગાઈએ ગીતડું :** ધમ્માચકડી...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અમૃતકાકાનો પર્વત :



આ ચિત્રમાં શું શું જોઈને તમને હસવું આવ્યું?

ચિત્રમાં રંગ પૂરો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાંભળો :

પૃથ્વીપુરના બજારમાં રોજ જેવી ભીડ જામી હતી. આર્યન તેના મિત્ર સાથે વાત કરતો હતો.

શકરાભાઈની શાકભાજીની લારી ધીમે ધીમે આગળ જઈ રહી હતી. ''બટાકા, રીંગણ, કોબીજ, ફુલેવર, કોળું, દૂઉઉઉધી.....'' એવા અવાજોથી બજાર ભરાઈ ગયું હતું. નજીકમાં પ્રકાશભાઈ અને દર્શનાબહેન કપડાંની દુકાનમાંથી તૃપ્તિ માટે કપડાં ખરીદતાં હતાં. બાજુમાં મૃગેશભાઈ બ્રશ, કાંસકો, તેલ વગેરે ખરીદીને થેલીમાં મૂકતા હતા.

હર્ષદભાઈ તેમની કિચૂડ કિચૂડ અવાજ કરતી સાઈકલ પર દૂધનાં કેન લટકાવી ટ્રીન ટ્રીન કરતા જતા હતા. પાર્થેશભાઈ અને જયશ્રીબહેન હર્ષવર્ધનને રસી મૂકાવવા દવાખાને જતાં હતાં. પ્રેમજીભાઈ ફુગ્ગા લઈ બજાર વચ્ચે ઊભા હતા.

ચંદ્રકાન્ત ચાવાળાની દુકાને તો ટોળું જ હોય! ત્યાં જ અમૃતકાકાનો બળદ બજારમાં ઘૂસ્યો. તેનું ડુંગર જેવડું મોટું શરીર જોઈ કાકાએ નામ પાડેલું - 'પર્વત'. જેવું એનું નામ, તેવું એનું કામ. કાકાના હાથમાંથી દોરડું છોડાવી એ તો દોડ્યો બજારમાં. એ જાય... એ જાય...!

## વાતચીત :

(૧) તમને કોનાં કોનાં નામ યાદ રહ્યાં?

(૨) જે-તે વ્યક્તિ વિશે શું યાદ છે? દા.ત. અમૃતકાકા વિશે શું યાદ છે કહો.

(૩) બળદ આવ્યા પછી બજારમાં શું થયું હશે?

(૪) 'પર્વત'થી બચવા અને બીજાને બચાવવા બધાં શું કરશે?

(૫) જો અચાનક વરસાદ પડ્યો હોત બધાંએ શું કર્યું હોત?

## 'અમૃતકાકાનો પર્વત' માંથી પ્ર, દ્ર, ર્વ, ર્ય, પૃ, મૃ, તૃ જેવા અક્ષરોવાળા શબ્દોની નીચે લીટી દોરો :

## લખો :

પ્ર પ્ર

પૂ પૂ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ર્પ ર્પ

## આમ લખાય :

પર્વત નહીં પણ પર્વત લખાય.

| | | |
|---|---|---|
| હર્ષદ | - | હર્ષદ |
| પ્રકાશ | - | પ્રકાશ |
| પૃથ્વી | - | પૃથ્વી |
| ગૃહ | - | ગૃહ |
| પ્રેમ | - | પ્રેમ |

## ફકરો વાંચી ચિત્રને આધારે અમને ઓળખી કાઢો અને નામ લખો :

(૧) મારી પાસે બે પૈંડાંવાળું વાહન છે.

(૨) હું મારા મમ્મી-પપ્પા સાથે છું.

(૩) મારે ચાર પગ છે.

(૪) હું મિત્ર સાથે વાત કરું છું.

(૫) મારે ચાની દુકાન છે.

(૬) હું અમૃતકાકાનો બળદ છું.

(૭) હું દૂધ વેચું છું.

(૮) હું ફુગ્ગાવાળો છું.

## બધાંનાં નામ ચિત્રમાં લખો :

- ચાલો, ગાઈએ ગીતડું : ધમ્માચકડી...

## વાક્યભેળ : 'નાનકડી ગુલાબ, સાહસ મોટું' અને 'અમૃતકાકાનો પર્વત' નાં વાક્યો ભેગાં થઈ ગયાં છે તે છૂટાં પાડી ફરીથી લખો :

(૧) જેવું એનું નામ, તેવું એનું કામ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૨) ગામના છેડે ખેતરમાં ઘર.
(૩) તે બ્રશ અને કાંસકો થેલીમાં મૂકતા હતા.
(૪) તે સાઈકલ પર જતા હતા.
(૫) આંગળી પર કોઈ કાપો કે ચીરો ન હતો.
(૬) તેણે તરત જ ઝાટકાથી હાથ પાછો ખેંચ્યો.
(૭) લારી ધીમે ધીમે આગળ જતી હતી.
(૭) આ દુપટ્ટો કોણે બાંધ્યો?
(૯) એ તો દોડ્યો બજારમાં.
(૧૦) એ સમજી ગઈ કે શું બન્યું છે!

## નાનકડી ગુલાબ, સાહસ મોટું :

(૧)
(૨)
(૩)
(૪)
(૫)

## અમૃત કાકાનો 'પર્વત' :

(૧)
(૨)
(૩)
(૪)
(૫)

## ચારણકન્યા :

ઈન્ટરનેટનો ઉપયોગ કરી આખી કવિતા બાળકોને બતાવો અને સંભળાવો તેમજ નીચેની પંક્તિઓનું વારાફરતી ઝીલગાન કરાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સાવજ ગરજે!
વનરાવનનો રાજા ગરજે.
ગીરકાંઠાનો કેસરી ગરજે.
નાનો એવો સમંદર ગરજે.
જડબાં ફાડે!
ડુંગર જાણે ડાચાં ફાડે!
બરછી સરખા દાંત બતાવે.
લસલસ કરતી જીભ ઝુલાવે.



ચારણકન્યા!
ચૌદ વરસની ચારણકન્યા.
બાળીભોળી ચારણકન્યા.
ઝાડ ચડંતી ચારણકન્યા.
પહાડ ઘૂમંતી ચારણકન્યા.

નેસ-નિવાસી ચારણકન્યા.
ડાંગ ઉઠાવે ચારણકન્યા.
ત્રાડ ગજાવે ચારણકન્યા.
હાથ હિલોળી ચારણકન્યા.
પાછળ દોડી ચારણકન્યા.



ઊભો રે'જે!
ત્રાડ પાડી કે ઊભો રે'જે!
ગીરના કુત્તા! ઊભો રે'જે!
કાયર દુત્તા! ઊભો રે'જે!
પેટભરા! તું ઊભો રે'જે!
ભૂખમરા! તું ઊભો રે'જે!
ચોર-લૂંટારા! ઊભો રે'જે!
ભયથી ભાગ્યો!
ડુંગરનો રમનારો ભાગ્યો.
હાથીનો હણનારો ભાગ્યો.
મોટો વીર મૂછાળો ભાગ્યો.
નાનકડી છોડીથી ભાગ્યો.

– ઝવેરચંદ મેઘાણી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ ચારણકન્યાની શક્તિ અને સાહસ દર્શાવતા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :

- પહાડ ઘૂમંતી
- 
- 
- 
- 
- 

⬡ સિંહની ભયાનકતા દર્શાવતા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :

- 
- 
- 
- 
- 
- 

⬡ ભયાનક સિંહ માટે ચારણકન્યા કયા કયા શબ્દો વાપરે છે? :

- 
- 
- 
- 
- 
- 

⬡ સિંહ શા માટે ભાગ્યો હશે ? મિત્રો સાથે ચર્ચા કરીને વર્ગમાં રજૂ કરો :

⬡ જે પંક્તિ વાંચી તમને બીક, ચિંતા કે ખુશીની લાગણી થઈ તે પંક્તિ લખો :

બીક :

ચિંતા :

ખુશી :

⬡ પાત્રને લાગુ પડતા શબ્દો તેની નીચે લખો :

ડાચાં ફાડે, બાળીભોળી, ગીરકાંઠાનો કેસરી, નેસ-નિવાસી, પેટભરો, ઝાડ ચડંતી, બરછી સરખા દાંત, પહાડ ઘૂમંતી, ચૌદ વરસની, વનરાવનનો રાજા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| ચારણકન્યા | સાવજ |
| --- | --- |
| | |

## વાતચીત :

(૧) સિંહ ગરજે અને વાદળ ગરજે તો કેવા અવાજ થાય?

(૨) જો તમને રસ્તામાં સિંહ મળે તો તમે શું કરો?

(૩) તમે કૂતરાં, બિલાડી, સસલું, પોપટ જેવાં પાલતું પશુ-પંખી સાથે રમ્યાં હોય તેની વાત વર્ગમાં કહો.

(૪) આ કાવ્યની કઈ પંક્તિ તમને સૌથી વધુ ગમી? વર્ગમાં તે પંક્તિ મોટેથી અભિનય સહિત ગાઓ.

## નીચેનામાંથી કઈ કાવ્યપંક્તિ આ કાવ્યની નથી? તે ઓળખીને છેકી નાંખો :

| | |
| --- | --- |
| ડુંગર જાણે ડાચાં ફાડે | માથા ભારે ચારણકન્યા |
| સાવજ જેવી ચીસો પાડે | ગીરના કુત્તા ! બેસી જાજે. |
| લસલસ લસલસ જીભ ઝુલાવે | કાયર દુત્તા ! બેસી જાજે. |
| પટપટ પટપટ પૂંછ હલાવે | ડુંગરનો ચડનારો ભાગ્યો. |
| ગરબે ઘૂમતી ચારણકન્યા | હાથીનો હણનારો ભાગ્યો. |
| આભે ઊડતી ચારણકન્યા | મોટો વીર મૂછાળો ભાગ્યો. |
| ત્રાડ ગજાવે ચારણકન્યા | નાનકડી છોડીથી ભાગ્યો. |
| તલવાર ચલાવે ચારણકન્યા | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા બનાવો :

આપેલા પ્રસંગમાંથી કોઈ પણ એક પ્રસંગ પસંદ કરો જૂથમાં તેની વાર્તા બનાવો.

(કઈ જગ્યાએ બન્યું? શું શું બન્યું હશે? કોણે શું શું કર્યું હશે? છેલ્લે શું થયું હશે?)

(૧) નાનકડી ધૂડીએ એના નાનાભાઈને વાઘના મોંમાંથી બચાવ્યો.

(૨) પોતાને વીંટળાઈ ગયેલા મોટા અજગરને નાના રાજુએ ભગાડ્યો.

(૩) પાણીની ટાંકીમાં પડી ગયેલી આલિયાને સંકેતે બચાવી લીધી.

## જરા હસીએ :

ચુન્નુ : મુન્નુ, તું બંદૂક લઈને દરવાજે કેમ ઊભો છે?

મુન્નુ : મારે સિંહને ભગાડવા જવું છે.

ચુન્નુ : તો જતો કેમ નથી?

મુન્નુ : બહાર કૂતરું બેઠું છે એટલે!

## મોટેથી ગાઓ :

લીલાં લીલાં ખડની ઉપર
નાનાં નાનાં ફૂલ,
કોઈ ગુલાબી, કોઈ પીળાં
અમે વીણવામાં મશગૂલ.

ફૂલ વીણતાં પીછું જડે,
ફૂંક મારતાં ઊંચે ચઢે,
ઊંચે ઊડતાં ઝીણું થાય,
તડકામાં એ ઓગળી જાય.

ઘાસને લાગ્યાં મોતી છે,
તડકામાં ચમકે છે,
લેવા જાય, છૂમંતર થાય,
પાણી થઈને સરકી જાય.

ગહેંકે મોર, મમ્મી ગાય
રાતી પાની ઊંચી થાય;
સામે મેઘધનુષ દેખાય,
આનંદ આભથી છલકી જાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in